Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 265 ● 1st October 2025 Price Rs. 2/- ● Pages-20

જૂઠ પણ બહુ વિચિત્ર હોય છે, તમે પોતે બોલોતો સારું લાગે, બીજા બોલે તો ગુસ્સો આવે.

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

### વર્ષ ૨૦૨૪-૨૫ શૈક્ષણિક પુરસ્કાર

**શૈક્ષણિક પુરસ્કાર (ઇનામ વિતરણ) સમારોહ તેમજ વકતૃત્વ સ્પર્ધા (૨૦૨૪ -૨૫) નો અહેવાલ....**

**: કાયમી સૌજન્ય દાતા :**

**શ્રીમતી કંચનબેન બાબુલાલ દલસુખલાલ ગાંધી પરિવાર ( મોટેરા, અમદાવાદ)**
**સુપુત્રીઓ: રૂપાલીબેન પરિનભાઈ, નિપાબેન અમિતભાઈ**

આપણી જ્ઞાતિ સમાજના વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ઓ અભ્યાસમાં ખૂબ પ્રગતિ કરે તેમ જ કારકિર્દી ઘડતરમાં તેજસ્વી બને અને ત્યારબાદ સમાજ માટે યથાશક્તિ યોગદાન પણ આપે તેવું પ્રોત્સાહન મળે તે હેતુથી અમદાવાદ જ્ઞાતિ મંડળ શૈક્ષણિક સમિતિના ઉપક્રમે દર વર્ષે શૈક્ષણિક પુરસ્કાર સમારોહ યોજવામાં આવે છે તે મુજબ તારીખ ૨૧/૯/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જ્ઞાતિ મંડળના A.C. હોલમાં આ વર્ષ ૨૦૨૪-૨૫ ના ઇનામ વિતરણ કાર્યક્રમનું તેમજ વક્તુત્વ સ્પર્ધાનું પણ સુંદર આયોજન કરવામાં આવેલું. આ સમારોહમાં ૪૨૫ જ્ઞાતિજનો હાજર રહ્યા હતા.

રવિવાર નો દિવસ એટલે પરિવાર માટેનો દિવસ ટેન્શન ફ્રી દિવસ અને સુંદર ઠંડક વાળું વાતાવરણમાં .....આ કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્રની ધૂન સાથે મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.અને કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી.

શૈક્ષણિક પ્રવૃત્તિનો કાર્યક્રમ હોય !!!! તો માં સરસ્વતી દેવીની વંદના કેમ ભુલાય. તો તે માટે સરસ્વતી દેવીની વંદના સ્વરૂપે એક કર્ણપ્રિય સંગીતની સુરાવલી સાથે સુંદર પ્રાર્થના આપણા સમાજના (રમેશભાઈ સી શાહ ગામ કમાણા ) દ્વારા કરવામાં આવી .ત્યારબાદ નેશનલ એન્થમ (રાષ્ટ્રગીત ) દરેક જ્ઞાતિજનો શિસ્તબદ્ધ પોતાના સ્થાન પર ઊભા થઈનેસૌ સાથે મળી ને નેશનલ એન્થમ કર્યું. ખરેખર તે વખત નો હોલમાં માહોલ ખૂબ જ સુંદર લાગતો હતો. ત્યારબાદ મંચ પર બિરાજમાન મહાનુભાવોનું શૈક્ષણિક સમિતિ ના સભ્યો દ્વારા પુષ્પગુચ્છ આપી ને સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ અમદાવાદ જ્ઞાતિ મંડળના ભૂતપૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જશવંતભાઈ પી શાહે સૌને આવકાર્યા તેમ જ શૈક્ષણિક ક્ષેત્રના કાયમી દાતાઓનો પરિચય કરાવ્યો. મંડળની સ્થાપનાથી વર્તમાન સુધીનો મંડળનો ઇતિહાસ કહીને મંડળે વિવિધ ક્ષેત્રોમાં કરેલી પ્રગતિનો ખ્યાલ આપ્યો.ત્યારબાદ વર્તમાન પ્રમુખ શ્રી વિજયભાઈ કે શાહ એ સૌને સમાજમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ વિશે લોકોને ખૂબ જ સુંદર માહિતી આપી દરેક જ્ઞાતિજનોને માહિતગાર કર્યા અને ત્યારબાદ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બકુભાઇ ગાંધીએ વિદ્યાર્થીઓને મોબાઈલના દુરુપયોગથી દૂર રહી ઉજવળ કારકિર્દી બનાવી સમાજ માટે યોગદાન આપવાની પ્રેરણા આપતી ખૂબ જ સુંદર સ્પીચ આપી.

ત્યારબાદ આ વર્ષે એક વક્તૃત્વ સ્પર્ધાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ત્રણ ગ્રુપ પાડવામાં આવ્યા હતા.

ગ્રુપ A ધોરણ ૧ થી ૭ ● ગ્રુપ B ધોરણ ૮ થી ૧૨ ● ગ્રુપ C કોલેજથી ઉપરના દરેક

કુલ ૧૮ વિદ્યાર્થીઓએ આ વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો તેમાં નીચેના ત્રણ વિષય માંથી કોઇ પણ એક વિષય પર જોયા વગર પાંચ મિનિટની સમય મર્યાદામાં સ્ટેજ પર આગળ આવીને બોલવાનું હતું. દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર રીતે પોતાનું વક્તુત્વ રજૂ કર્યું. તે ત્રણ વિષય નીચે મુજબ હતા.

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા

(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)



**સ્વ. શ્રી શશીકાંતભાઈ પોપટલાલ ગાંધી**

(મોઢેરા) અમદાવાદ

જન્મ તા.૩૦-૦૯-૧૯૪૪ - સ્વ.તા.૦૯-૦૨-૨૦૨૪

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર કાહાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

(૧) જો હું ભારતનો (ની) વડાપ્રધાન બનું તો ?
(૨) Amazon -Zomato- BLINKIT ની ઓનલાઇન ખરીદી કેટલી યોગ્ય તે વિશેના સારા અને ખરાબ તમારા અભિપ્રાયો ..
(૩) આજની શિક્ષણનીતિ આમૂલ પરિવર્તન માંગે છે.

ત્રણે ગ્રુપમાંથી એક એક વિદ્યાર્થીનું **PRIZE** માટે નામ જાહેર કરવામાં આવ્યુ હતું. બાકીના ૧૫ વિદ્યાર્થીઓને **CONSOLATION PRIZE** આપવામાં આવી હતી.

ઉપરના વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયક માટે માયાબેન દાણી (ગવર્મેન્ટ સ્કૂલના પ્રિન્સિપાલ) ને બોલાવવામાં આવ્યા હતા. તેમને ખૂબ જ તટસ્થ રીતે અને ન્યાયિક રીતે ત્રણે ગ્રુપમાંથી એક એક વિદ્યાર્થીને પસંદ કરી પોતાનો નિર્ણય આપ્યો હતો.

ગ્રુપ A વિજેતા : સ્વરા જીગરભાઈ શાહ ધોરણ ૬ ગામ (ઉનાવા) વિષય : Amazon......

ગ્રુપ B વિજેતા : હિયા વિશાલભાઈ શાહ ધો. 12 th ગામ (દેલોલી ) વિષય : આજની શિક્ષણનીતિ........

ગ્રુપ C વિજેતા : શાહ હીર કુણાલભાઈ
ધો. 2nd year B. com ગામ (બોકરવાડા)
વિષય : Amazon....

ત્યારબાદ ઇનામ વિતરણ નો કાર્યક્રમ શરૂ થયો ધોરણ ૧ થી ૧૦,૧૧,૧૨ તેમજ કોલેજ તથા અન્ય ફેકલ્ટીઝના એમ કુલ ૪૭ તેજસ્વી વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ઓને સ્ટેજ પર બોલાવીને તેમને સુંદર તેમના ફોટા સાથે નો મોમેન્ટો તેમજ ઉપયોગી ગિફ્ટ આપી ને સન્માનિત કરવામાં આવ્યા. આ દરેક તેજસ્વી વિદ્યાર્થીઓને જ્યારે ગિફ્ટ અને મોમેન્ટો લેવા સ્ટેજ પર
આવતા હતા ત્યારે સમાજના ઓડિયન્સમાં બેઠેલા દરેક નાના મોટા સૌ વિદ્યાર્થીઓનું તાળીઓ ના ગડગડાટ થી અભિવાદન કરતા હતા.

કાર્યકર્મ ની મધ્યમાં આપણા સમાજના જીનાંશ સાગરભાઇ ગાંધી ગામ (રણુજ) ઉંમર ૬ વર્ષ ના દીકરાએ **Rubic Cube 2×2, 3×3** અને પિરામિડ નું માત્ર ૩.૪૬ મિનિટમાં સોલ્વ કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

તેમજ તપસ્વીના બહુમાન ના દિવસે વરસાદના કારણે મુખ્ય મેહમાન નું પદ શોભાવનાર શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહ (દેલોલી) કાર્યક્રમ માં આવી શક્યા નહતા તેઓને આજે આમંત્રિત કરવામાં આવ્યા હતા તેમનું પણ મહિલા મંડળ ના પ્રમુખ તેમજ કારોબારી સભ્યો દ્વારા બહુમાન કરવામાં આવ્યું અને

અમુક તપસ્વીઓ આવી શક્યા નહતા તેમનું પણ શ્રીફળ અને કવર આપીને બહુમાન કરવામાં આવ્યું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શૈક્ષણિક સમિતિના કન્વીનર સંદીપભાઈ ( બોકરવાડા ) એ કર્યું જેમાં સૌએ સંપૂર્ણ સાથ અને સહકાર આપ્યો જેમાં સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી તેજસભાઈ ,શ્રી અંકિતભાઈ ના સુંદર ટીમ વર્ક થી પ્રસન્ન થઈ સૌએ પ્રશંસા કરી. આ કાર્યક્રમમાં પ્રીતિબેન ભાવેશભાઈ શાહ ગામ (ભાલક ) એ પણ એન્કરીંગ કરવામાં સાથ અને સહકાર આપ્યો હતો.

આ કાર્યક્રમના અંતે શ્રી સંદીપભાઈએ ઉપસ્થિત સર્વ જ્ઞાતિજનોનો ખુબ ખુબ આભાર માનીને કાર્યક્રમ સંપન્ન થયા ની જાહેરાત કરી અને ત્યારબાદ સમાજના સૌ જ્ઞાતિ જનો એ બપોરના ભોજનનો લાભ લીધો.

શ્રી ભાવેશભાઈ એમ શાહ–મંત્રી
શ્રી રમેશભાઈ સી શાહ–સહમંત્રી

સંદીપભાઈ શાહ (બોકરવાડા) (કન્વીનર)
ઉન્મેષભાઈ શાહ (ઉનાવા ) (સહ કન્વીનર)



**ઇન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
(ગાંભુ-હાલ:પૂના)
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ◈ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

આવતીકાલ ક્યારેય આવતી નથી,એ જ્યારે પણ આવે છે, આજ બનીને આવે છે, માટે આવતીકાલે જે કંઈ પણ સારુ કરવાની ઈચ્છા હોય એની શરૂઆત આજથી જ કરો.

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

**અહેવાલ**

તા.૦૭-૦૯-૨૦૨૫,રવિવાર
સ્થળ : જ્ઞાતિ હોલ, વાસણા
સમય : બપોરના ૨-૩૦ થી ૬-૩૦

તપ વિના આત્માનું કલ્યાણ શક્ય નથી, તપસ્યા એ આત્માની આરાધના છે, જે જીવનને મોક્ષ તરફ દોરી જાય છે. આવા સુંદર તપ, ધર્મની અનુમોદના કરવા શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તપસ્વી બહુમાનના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તપસ્વી બહુમાનના મુખ્ય મહેમાન શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહ (દેલોલી-અમદાવાદ) તરફથી રૂા.૨૧,૦૦૦/- તથા સ્વાગત પ્રમુખ શ્રીમતી સુધાબહેન હરેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ) તરફથી રૂા. ૧૫,૦૦૦/-નું અમુલ્ય દાન મહિલા મંડળને અર્પણ કરેલ છે. મંડળ તેનૂ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

કાર્યક્રમની શરૂઆત મહામંગળ કારી નવકાર મંત્રથી કરવામાં આવી. ત્યારબાદ દાતાશ્રીઓ, મોટા મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બકુભાઈ ગાંધી, પ્રમુખ શ્રી વિજયભાઈ શાહ, મહિલા મંડળના સલાહકાર શ્રીમતી પ્રવિણાબેન ગાંધી, પ્રમુખ શ્રી દેવલબેન શાહ, ઉપ પ્રમુખશ્રી દિપીકાબેન શાહ તથા હોદ્દેદારોએ ભેગા મળીને મંગલદીપ પ્રગટાવ્યો. ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખશ્રી દેવલબેન શાહે પધારેલ દાતાશ્રીઓનું, તપસ્વીઓ તથા જ્ઞાતિજનોનું અભિવાદન કરીને આવકાર આપ્યો હતો. ત્યારબાદ મંત્રીશ્રી સોનલબેન શાહે મુખ્ય મહેમાન શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહનો પરિચય આપ્યો તથા સહમંત્રી શ્રી પીંકીબેન શાહે અતિથી વિશેષ શ્રીમતી સુધાબહેન હરેશકુમાર શાહનો પરિચય આપ્યો. શ્રીમતી વૈશાલીબેન અંગત કારણોસર કાર્યક્રમમાં ઉપસ્થિત ના રહી શક્યા, મંડળે તેમના માટે દુ:ખની લાગણી વ્યક્ત કરી હતી. શ્રીમતી પ્રવિણાબેન ગાંધીએ શ્રીમતી સુધાબહેનનું ચાંલ્લો કરી શ્રીફળ આપી તથા દેવલબેન અને દિપીકાબહેનએ ગીફ્ટ આપીને બહુમાન કર્યું. તપસ્વી બહુમાનના સ્વામિવાત્સલ્યના દાતા શ્રી સુમિતભાઈના ભાઈ શ્રી પ્રવિણભાઈ તથા તેમની સુપુત્રીઓ હિનાબહેન અને સંગીતાબહેન આ પ્રસંગે ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. તપસ્વી બહુમાનના શ્રીફળના કાયમી દાતા શ્રીમતી શાંતાબહેન નાનચંદભાઈ શાહ (ચાણસ્મા) હસ્તે શ્રીમતી છાયાબેન ભાવિકભાઈ શાહ (પિંઢારપુરા) પરિવારની સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા મંડળ તેમને શુભેચ્છા પાઠવે છે. અને ભૂરી ભૂરી અનુમોદના કરે છે. સમાજરત્ન શ્રી સંદીપ શાહ (ભાલક) કે જેઓ પાલખીગૃપ તથા નમો નમ: શાશ્વત પરિવાર સાથે વર્ષોથી જોડાયેલા છે, તેમણે તપસ્વીઓના તપની અનુમોદના કરતા કરતા કાર્યક્રમનું ખૂબ જ સુંદર રીતે સંચાલન કર્યું હતું, મોટા તપથી લઈને નાના તપના દરેક તપસ્વીનું આમંત્રિત મહેમાનો, મોટા મંડળના કમિટીના સભ્યો તથા મહિલા મંડળના કમિટીના સભ્યો દ્વારા તીલક, શ્રીફળ અને કવર આપીને બહુમાન કરવામાં આવ્યું.

ઉત્સાહી કાર્યકર્તા માટે કોઈ પણ કાર્ય અશક્ય હોતુ નથી એવા મહિલા મંડળના ઉત્સાહી કાર્યકર્તા મહિલા મંડળના પ્રમુખશ્રી દેવલબેન કે. શાહ કે જેઓ ઘણા વર્ષોથી મંડળમાં સક્રિય કાર્યકર્તા છે. તેમના પ્રમુખ તરીકેના પ્રથમ કાર્યક્રમનું તેઓએ ખૂબ જ સુંદર રીતે સંચાલન કર્યું અને મહિલા મંડળના હોદ્દેદારો, સભ્યો અને સમગ્ર મોટા મંડળે દેવલબેનને પ્રસંગની ઉજવણી કરવા સુંદર સહયોગ આપ્યો. દેવલબેનને મંડળ ખૂબ ધન્યવાદ પાઠવે છે. કાર્યક્રમના અંતમાં પ્રવિણાબેને આવેલ તમામ દાતાશ્રીઓ, તપસ્વીઓ અને જ્ઞાતિજનોનો અંત:કરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો. બહુમાનનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૫-૩૦ કલાકે સ્વરૂચી ભોજનની શરૂઆત કરવામાં આવી અને જૈન આચાર સંહિતા મુજબ સ્વરૂચી ભોજનની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી. મોટા મંડળ તથા મહિલા મંડળના સભ્યોની અથાગ મહેનતથી કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો.

**સોનલબેન એસ. શાહ-મંત્રી • પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી**

॥ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમ: ॥

## જૈનમ્ જયંતિ શાસનમ્
## અનુમોદના... અનુમોદના...



# ચિ. દિવ્ય જયદીપભાઈ શાહ

**રંજનબેન મહેન્દ્રભાઈ શાહ (દેલોલી-રાજકોટ) ના પૌત્ર
અને શ્રીમતી જીગલ જયદીપભાઈ શાહના સુપુત્ર
ચિ. દિવ્ય એ પર્યુષણ પર્વમાં પરમાત્માની કૃપાથી અને
પ.પૂ. સાધુ ભગવંતોના આશિર્વાદથી
અઠ્ઠાઈ તપની આરાધના નિર્વિઘ્ને પૂર્ણ કરેલ છે.
તપસ્વીની અમે ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.**

: શુભેચ્છક :

**ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી**

| | |
|---|---|
| અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી | સંદીપ ભાઈલાલભાઈ ગાંધી |
| ફાલ્ગુની અલ્પેશભાઈ ગાંધી | નીમા સંદીપભાઈ ગાંધી |
| કુશ અલ્પેશભાઈ ગાંધી | મૈત્રી સંદીપભાઈ ગાંધી |
| કાવ્ય અલ્પેશભાઈ ગાંધી | દીયા સંદીપભાઈ ગાંધી |

બ્રિજેશકુમાર કિરીટભાઈ શાહ
હેમાંગી બ્રિજેશકુમાર શાહ
અનેરી બ્રિજેશકુમાર શાહ
મંત્ર બ્રિજેશકુમાર શાહ

**સમોડા પરિવાર**

## સંપાદકિય

### સંતોષ એટલે તૃપ્તિ અથવા હોય તેનાથી રાજી રહેવું તે

માનવીના જીવનમાં સુખના ઘણા બધા પ્રકાર મળે છે. સંસારમાં એમ કહેવાતું હોય છે કે પહેલું સુખ તે જાતે નર્યાં. માણસ પાસે તે તંદુરસ્ત, નીરોગી અને સ્ફૂર્તિમંત શરીર વિના ગમે તેટલાં સુખ હોય તો પણ એ માણી શકાતાં નથી. આથી શરીરનું સ્વસ્થ હોવું એ પહેલું સુખ છે, પાયાનું ધન છે, ધન-દોલત, જર-જવેરાત, જમન-જાગીર એ બધાં જાણીતાં ધન તો છે જ તો પણ ઘરમાં કજિયા, કંકાશ થતાં ન હોય, આનંદ-કિલ્લોલ વર્તાતો હોય, ચિંતાઓનું ભારણ ન હોય, વળી પરિવારની વ્યક્તિઓ સંસ્કારી હોય, સાચી અને પરિશ્રમયુક્ત કમાણી હોય, વળી ઘરનું વાતાવરણ બિનજરૂરી દોડધામના બદલે શાંત અને મધુર હોય ત્યારે એ બધાં પણ શાંતિધન અને આનંદધન કહેવાય છે. ભૌતિક સુખમાં રચતો માનવ વધુ ને વધુ મહત્વાકાંક્ષાઓ ધરાવતો થઈ જાય છે એટલે સંતોષ તો એનાથી વેગળો જ રહે છે.

જે માણસ સંતોષી હોય છે એ હંમેશા સુખી હોય છે એટલે કે સંતોષ સદા સુખની ચાવી છે એમ પણ કહી શકાય, સામાન્ય રીતે ધન-વૈભવથી સંપન્ન માણસને આપણે સુખી કહીએ છીએ, કેમ કે એનાથી આપણી બધી જરૂરિયાતો પૂર્ણ થાય છે, પરંતુ આ પ્રકારના સુખને તો ભૌતિક સુખ કહેવાય. ભૌતિક સુખ સંતોષ લાવવા માટે અસમર્થ ગણાય છે.

સંતોષ એટલે તૃપ્તિ અથવા હોય તેટલાથી રાજી રહેવું. તે ઘણી વાર આપણે સાંભળીએ છીએ કે સંતોષી નર સદા સુખી. એનો અર્થ એ જ છે કે જે માણસ સંતોષી હોય છે એ હંમેશા સુખી હોય છે એટલે કે સંતોષ સદા સુખની ચાવી છે એમ પણ કહી શકાય. સામાન્ય રીતે ધન-વૈભવથી સંપન્ન મામસને આપણે સુખી કહીએ છીએ, કેમ કે એનાથી આપણી બધી જરૂરીયાતો પૂર્ણ થાય છે, પરંતુ આ પ્રકારના સુખને તો ભૌતિક સુખ કહેવાય. ભૌતિક સુખ સંતોષ લાવવા માટે અસમર્થ ગણાય છે.

આપણે ગમે તે ધંધો કરતા હોઈએ તો પણ જ્યાં સુધી એ આપણને સંતોષ આપી શક્તો ન હોય ત્યાં સુધી સાચું સુખ આપણાથી વેગળું જ રહ છે. જ્યારે સંતોષરૂપી ધન આવે છે ત્યારે બધાં ધન ધૂળ સમાન લાગે છે એટલે કે સંતોષ કહે છે. ત્યારે પ્રસન્નતા આપોઆપ આવી વસે છે, જે હોય એનાથી રાજી જ રહેવાય છે. એની પાસેનું ઓછું હોય એ વધી જાય કે વધારે હોય તે ઘટી જાય તો પણ એની પ્રસન્નતામાં વધ-ઘટ થવા પામતી નથી. સાચો સંતોષ એ જ કે જેમાં ક્યારેય



અસંતોષ હોતો નથી.

વિદ્યા એક પ્રકારનું ધન છે, પરંતુ એ ધન હિતકર્તા હોય તો જ કામનું છે. પરિશ્રમ પણ ધન છે, પરંતુ માત્ર પોતાના આર્થોપાર્જન પૂરતું મર્યાદિત હોય તો એનું મહત્વ હોઈ શકે નહી. કલા અને સાહિત્ય પણ ધન જ છે, પરંતુ એ ધંધાકિય રૂપ ધારણ કરે છે ત્યારે એનું મૂલ્ય રહેતું નથી. સંપતિ હોવી એ સુખનો એક પ્રકાર ભલે હોય પણ એ કંઈ શ્રેષ્ઠ પ્રકાર નથી, ઊલટાનો ક્યારેક એ અલગ પ્રકારનો હોઈ શકે છે. કેમ કે જેમ સંપત્તિ વધે છે તેમ બહુધા અહંકાર પણ વધે છે. ઈચ્છાઓ પણ વધે છે. દોડધામ અને ચિંતાઓ વધે છે. તથા કુસંસ્કાર પણ વધે છે. એકલી સંપત્તિના સુખને સુખ કહેવું યોગ્ય નથી.

### વિધીના વિધાનની આ વાત વાંચી લેજો, એ પછી જ સમજાશે જીવનનું સત્ય

ભગવાન શ્રીરામજીના વિવાહ અને રાજ્યાભિષેક બંને શુભમુહૂર્ત જોઈને જ નક્કી થયેલા, તો પણ ના તો તેઓનુ વૈવાહિક જીવન, ના તો રાજ્યાભિષેક સફળ થયા. અને જયારે મુનિ વશિષ્ઠ પાસે જવાબ માંગવામા આવ્યો તો તેમણે સાફ શબ્દોમાં કહી દિધુ,

સુનહુ ભરત ભાવિ પ્રબલ, બિલખી કહેહૂં મુનિનાથ, લાભ, હાની, જીવન, મરણ, યશ-અપયશ વિધિ હાથ અર્થાત: જે વિધીએ નિર્ધારિત કરેલુ છે તે થઈ ને જ રહેશે.

ના ભગવાન શ્રીરામજીનુ જીવન બદલી શકાયું, ના ભગવાન શ્રી કૃષ્ણજીનુ, ના ભગવાન શિવ સતીના મૃત્યુને ટાળી શકયા. જયારે મહામૃત્યુંજય મંત્ર એમના વશમાં જ હતો, ન ગુરુ અર્જુનદેવ, ન ગુરુ ટેગબહાદુર, ન ગુરુ ગોવિંદસિંહ પોતાની સાથે થનાર વિધીને ટાળી શકયા, જયારે સૌ સમર્થ હતા..

ના રામકૃષ્ણ પરમહંસ પોતાના કેન્સરને ટાળી શકયા, ના તો રાવણ પોતાના જીવનને ને બદલી શકયો, સમસ્ત શક્તિઓ હોવા છતા વિધીના વિધાન ન ટાળી શકયા.

મનુષ્ય પોતાના જન્મ સાથેજ જીવન, મ-ર-ણ, યશ, અપયશ, લાભ, હાનિ, સ્વાસ્થ્ય, બિમારી, દેહ, રંગ, પરિવાર, સમાજ, દેશ અને બીજું ઘણું પહેલાજ નિર્ધારિત કરીને જન્મે છે. તેથી સરળ રહો સહજ રહો, મન કર્મ અને વચનથી સતકર્મમા લિન રહો. મુહુર્ત ના તો જન્મ લેવાનુ છે, ન તો મ-ર-વા-નું બસ વિધીના વિધાન મુજબ કર્મ જ આપણા હાથમાં છે, શેષ બધુ અર્થહીન છે.

બકુભાઈ સી. ગાંધી (સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

# સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

## દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા...



**કાજોલ તનેશકુમાર શાહ**
ગામ : મણુંદ - પુના
મોબાઈલ : ૯૮૨૨૧૯૧૦૫૪
જન્મ તારીખ : ૩ ઓક્ટોબર



**અશોકકુમાર કેશવલાલ શાહ**
ગામ : મણુંદ - બોરીવલી
મોબાઈલ : ૯૮૨૦૯૨૯૨૬૨
જન્મ તારીખ : ૮ ઓક્ટોબર



**કલ્પનાબેન કમલેશકુમાર ગાંધી**
ગામ : રણુંજ - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૪૦૯૨૮૩૧
જન્મ તારીખ : ૮ ઓક્ટોબર



**પ્રવિણકુમાર પોપટલાલ શાહ**
ગામ : તરભ - અમદાવાદ
મોબાઈલ : ૯૪૦૯૦૫૭૫૬૦
જન્મ તારીખ : ૧૫ ઓક્ટોબર



**તેજસકુમાર સુમતીલાલ શાહ**
ગામ : ભાલક - અમદાવાદ
મોબાઈલ : ૯૮૨૪૬૪૦૫૫૫
જન્મ તારીખ : ૧૫ ઓક્ટોબર



**સોનાલીબેન અક્ષયકુમાર શાહ**
ગામ : મણુંદ - પુના
મોબાઈલ : ૯૦૯૬૫૬૫૮૮૨
જન્મ તારીખ : ૧૬ ઓક્ટોબર



**સોનલબેન પ્રકાશકુમાર શાહ**
ગામ : બોરીઆવી - અમદાવાદ
મોબાઈલ : ૯૧૭૩૯૨૩૫૬૯
જન્મ તારીખ : ૧૮ ઓક્ટોબર



**ડો.દિપલબેન ચિરાગભાઈ શાહ**
ગામ : ઉનાવા - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૬૦૨૬૧૨૭
જન્મ તારીખ : ૨૧ ઓક્ટોબર



**ડો. ચિરાગ ચંદ્રકાંતભાઈ શાહ**
ગામ : ઉનાવા - અમદાવાદ
મોબાઈલ : ૯૩૨૭૦૩૮૮૦૩
જન્મ તારીખ : ૨૪ ઓક્ટોબર



**વત્સલ પ્રકાશકુમાર શાહ**
ગામ : બોરીઆવી - અમદાવાદ
મોબાઈલ : ૯૫૮૬૯૭૨૮૯૬
જન્મ તારીખ : ૨૪ ઓક્ટોબર



**આરન્યા હાર્દિકકુમાર શાહ**
ગામ : ભાલક - યુ.એસ.એ
મોબાઈલ : ૮૩૬૯૫૪૯૨૩૫
જન્મ તારીખ : ૩૦ ઓક્ટોબર



**રાહી અક્ષયકુમાર શાહ**
ગામ : મણુંદ - પુના
મોબાઈલ : ૯૦૯૬૫૬૫૮૮૨
જન્મ તારીખ : ૩૧ ઓક્ટોબર

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## ઈનામી મેળવડાના વિજેતા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને નવાજવામાં આવ્યા તેની તસ્વીરો




















# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## ઈનામી મેળવડાના વિજેતા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને નવાજવામાં આવ્યા તેની તસ્વીરો




















# સ્મૃતિ વંદના



અમારા પૂજ્ય પિતાશ્રી

**સ્વ. શ્રી બાબુલાલ રસિકલાલ ગાંધી (રણુજ)**

જન્મ વર્ષ: ૧૯૨૫ - ૧૦૦મું જન્મ વર્ષ: ૨૦૨૫





પૂજ્ય માતુશ્રીના સ્મરણ સાથે

**સ્વ. નિર્મળાબેન (વિમળાબેન) બાબુલાલ ગાંધી**

જન્મ વર્ષ: ૧૯૩૩

અમારા પિતાશ્રી સ્વ. શ્રી બાબુલાલ રસિકલાલ ગાંધીના ૧૦૦મા જન્મ વર્ષના આ પાવન અવસરે, અમે તેમને એક ધર્માનુરાગી, વૈયાવચ્ચ પ્રેમી, દયાળુ, પરોપકારી અને સદગુણસંપન્ન વ્યક્તિ તરીકે પ્રેમપૂર્વક યાદ કરીએ છીએ.

તેમનું જીવન અમારા માટે પ્રેરણારૂપ છે. તેમનો નિસ્વાર્થ પ્રેમ, તેમના ઉચ્ચ સંસ્કાર અને જીવનમૂલ્યો આજે પણ અમારા જીવનનો પાયો અને માર્ગદર્શક દીવાદાંડી બની રહ્યા છે. તેઓ હંમેશા સાદગીપૂર્ણ જીવન જીવ્યા અને સૌને પ્રેમ, સ્નેહ અને સન્માન આપ્યું.

અમે તેમના આદર્શો પર ચાલવાનો અને તેમના સત્કાર્યોનો વારસો આગળ ધપાવવાનો સદા પ્રયત્ન કરીશું.

પિતાશ્રીના સહધર્મચારીણી, જેમણે દરેક ધાર્મિક અને સાંસારીક કાર્યોમાં સાથ આપી, આખા પરિવારને પ્રેમ અને સ્નેહના તાંતણે બાંધ્યા, તેવા અમારા પૂજ્ય માતુશ્રી સ્વ. નિર્મળાબેનને સ્મરણાંજલિ આપતા આ પ્રસંગે નમન કરીએ છીએ.

**"સદાય અમારા હૃદયમાં જીવંત રહેશો..."**

**સ્મરણાર્થે**

**પુત્રી અને જમાઈ**

સરોજબેન ભરતકુમાર શાહ અને ભરતકુમાર ભાઈલાલ શાહ

**પુત્રો અને પુત્રવધૂઓ**

ડો. જીતેન્દ્ર બાબુલાલ ગાંધી અને ડો. મનીષા જીતેન્દ્ર ગાંધી
હસમુખ બાબુલાલ ગાંધી અને રીટા હસમુખ ગાંધી

જયેશ બાબુલાલ ગાંધી અને બેલા જયેશ ગાંધી
પંકજ બાબુલાલ ગાંધી અને નીલમ પંકજ ગાંધી

CA. પ્રદીપ બાબુલાલ ગાંધી અને નેહા પ્રદીપ ગાંધી

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## ઈનામી મેળવડાના વિજેતા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને નવાજવામાં આવ્યા તેની તસ્વીરો




















# તા. ૭-૯-૨૦૨૫ ના રોજ તપસ્વી બહુમાનની તસ્વીરની ઝલક



























# તા. ૭-૯-૨૦૨૫ ના રોજ તપસ્વી બહુમાનની તસ્વીરની ઝલક




















# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## તપસ્વી બહુમાનના મુખ્ય દાતાશ્રીઓ તથા સહાયક દાતાશ્રીઓ

મુખ્ય મહેમાન : રૂા.૨૧૦૦૦/- શ્રીમતી વૈશાલીબેન નરેશભાઈ શાહ દેલોલી

અતિથી વિશેષ : રૂા. ૧૫૦૦૦/- શ્રીમતી સુધાબેન હરેશભાઈ શાહ ભાલક

### પ્રભાવના સહાયક દાતાશ્રીઓ

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| રૂા.૫૦૦૦/- | પ્રવિણાબેન બકુભાઈ ગાંધી | સમોડા |
| રૂા.૫૦૦૦/- | દિલીપભાઈ ભોગીલાલ શાહ | ભાલક |
| રૂા.૫૦૦૦/- | ચેતનાબેન નિમેષભાઈ ગાંધી | સમોડા |
| રૂા.૫૦૦૦/- | શાંતાબેન નરોત્તમદાસ શાહ | ઉનાવા |
| રૂા..૩૧૦૦/- | કૈલાશબેન પ્રમોદભાઈ ગાંધી | રણુંજ |
| રૂા. ૩૦૦૦/- | ઉર્મિલાબેન પ્રવિણચંદ્ર ગાંધી | સમોડા |
| રૂા.૨૫૦૦/- | ભાનુમતીબેન બિપીનભાઈ ગાંધી | રણુંજ |
| રૂા.૨૨૨૨/- | પ્રિતીબેન ભાવેશભાઈ શાહ | ભાલક |
| રૂા.૨૧૦૦/- | નીતાબેન પ્રમોદભાઈ શાહ | ખરોડ |
| રૂા.૨૧૦૦/- | જયાબેન ભાઈલાલભાઈ ગાંધી | સમોડા |
| રૂા.૨૧૦૦/- | મયુરભાઈ કેશવલાલ ગાંધી | રણુંજ |
| રૂા.૨૧૦૦/- | વિમળાબેન બાબુલાલ ગાંધી | રણુંજ |
| રૂા.૨૦૦૦/- | દર્શનાબેન શૈલેષભાઈ શાહ | ઉનાવા |
| રૂા. ૨૦૦૦/- | શારદાબેન ચંપકલાલ શાહ | દેલોલી |
| રૂા.૧૫૦૦/- | પ્રમોદભાઈ ઉત્તમલાલ શાહ | ભાલક |
| રૂા.૧૫૦૦/- | વિરબાળાબેન સુરેન્દ્રભાઈ શાહ | ભાંડુ |
| રૂા.૧૫૦૦/- | પુષ્પાબેન નવિનચંદ્ર શાહ | પિંઢારપુરા |
| રૂા. ૧૫૦૦/- | મીનાબેન વિભાકરભાઈ શાહ | ઉનાવા |
| રૂા.૧૧૧૧/- | ડૉ. પિયુષ કાન્તીલાલ શાહ | ઉનાવા |
| રૂા.૧૧૦૦/- | દેવલબેન કિરણભાઈ શાહ | તરભ |
| રૂા.૧૧૦૦/- | રેણુકાબેન દિલીપભાઈ શાહ | ખરોડ |
| રૂા.૧૧૦૦/- | જ્યોત્સનાબેન ભગીરથભાઈ શાહ | લણવા-મંડાલી |
| રૂા.૧૧૦૦/- | ડૉ.ચિરાગભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ | ઉનાવા |
| રૂા.૧૧૦૦/- | ગુણવંતીબેન જશવંતભાઈ શાહ | ભાવક |
| રૂા.૧૧૦૦/- | બિનાબેન શૈલેષભાઈ શાહ | દાણોદરડા |
| રૂા.૧૦૦૦/- | ઈન્દુબેન વિરેન્દ્રભાઈ શાહ | ગાંભુ |
| રૂા.૧૦૦૦/- | કુશાલીબેન પ્રતિકભાઈ શાહ | બોરીયાવી |
| રૂા.૧૦૦૦/- | વૈશાલીબેન ઉન્મેષભાઈ શાહ | ઉનાવા |
| રૂા.૧૦૦૦/- | ભાનુમતીબેન નિતીનભાઈ શાહ | રણુંજ |
| રૂા.૧૦૦૦/- | પન્નાબેન રાજેષભાઈ શાહ | ભાલક |
| રૂા.૧૦૦૦/- | સરલાબેન હસમુખભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૧૦૦૦/- | સુશીલાબેન બાબુલાલ શાહ | ભાન્ડુ |

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## પ્રભાવના સહાયક દાતાશ્રીઓ

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| રૂા.૧૦૦૦/- | ભારતીબેન પંકજભાઈ શાહ | મણુંદ |
| રૂા.૧૦૦૦/- | જયશ્રીબેન દેવેન્દ્રભાઈ શાહ | રણુંજ |
| રૂા.૧૦૦૦/- | દક્ષાબેન અશ્વિનભાઈ શાહ | ગાંભુ |
| રૂા.૧૦૦૦/- | ઉમંગ રોહિતભાઈ શાહ | ભાલક |
| રૂા.૧૦૦૦/- | રમાબેન હિંમતલાલ શાહ | બોકરવાડા |
| રૂા.૧૦૦૦/- | ચંપકલાલ ઉત્તમલાલ શાહ | ઉનાવા |
| રૂા.૧૦૦૦/- | આશિષભાઈ ભરતભાઈ શાહ | કહોડા |
| રૂા.૫૦૦/- | દિપીકાબેન હર્ષદભાઈ શાહ | ગાંભુ |
| રૂા.૫૦૦/- | દિપાલીબેન માલવભાઈ શાહ | ગાંભુ |
| રૂા.૫૦૦/- | સોનલબેન સંજયભાઈ શાહ | સમોડા |
| રૂા.૫૦૦/- | પિંકીબેન સંદિપભાઈ શાહ | ઉનાવા |
| રૂા.૫૦૦/- | સંદિપભાઈ શશીકાન્તભાઈ શાહ | ઉનાવા |
| રૂા.૫૦૦/- | મીનાબેન રાજેન્દ્રભાઈ શાહ | મોટપ |
| રૂા.૫૦૦/- | જયોત્સનાબેન હસમુખલાલ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | હેમાબેન રાજેષભાઈ શાહ | ભાલક |
| રૂા.૫૦૦/- | સરોજબેન મુકેશભાઈ શાહ | ભાલક |
| રૂા.૫૦૦/- | દેવાંશીબેન ભરતભાઈ શાહ | ઉનાવા |
| રૂા.૫૦૦/- | રીટાબેન રવિભાઈ ગાંધી | સમોડા |
| રૂા.૫૦૦/- | દિપાલીબેન ભાવિકભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | ફાલ્ગુનીબેન સમીરભાઈ શાહ | ભાલક |
| રૂા.૫૦૦/- | છાયાબેન ભદ્રેશભાઈ ગાંધી | રણુંજ |
| રૂા.૫૦૦/- | દેવીનાબેન જયેશભાઈ શાહ | ભાલક |
| રૂા.૫૦૦/- | જયેશભાઈ જશવંતલાલ શાહ | ભાલક |
| રૂા.૫૦૦/- | વસુબેન પંકજભાઈ શાહ | ભાલક |
| રૂા.૫૦૦/- | રેખાબેન કિર્તીભાઈ શાહ | ગાંભુ |
| રૂા.૫૦૦/- | કલ્પનાબેન અશોકભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | રીટાબેન જયેન્દ્રભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | મંજુલાબેન શંકરભાઈ શાહ | ગાંભુ |
| રૂા.૫૦૦/- | દિપીકાબેન કિરણભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | રંજનબેન પંકજભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | કોકિલાબેન પ્રવિણચંદ્ર શાહ | લાછડી |
| રૂા.૫૦૦/- | સુશીલાબેન નવિનચંદ્ર શાહ | લાછડી |
| રૂા.૫૦૦/- | આશાબેન ભરતભાઈ શાહ | બોકરવાડા |
| રૂા.૫૦૦/- | એક સદગૃહસ્થ | |

# માસક્ષમણના તપસ્વી રત્ન ચિ. ધ્વની

## ધ્વનીબેન ગીરીશભાઈ બાબુલાલ ગાંધી (મોઢેરા-ગોરેગામ)



શ્રી. ગીરીશભાઈ બાબુલાલ ગાંધી અને સોનલબેન ગીરીશભાઈ ગાંધીની
સુપુત્રી ચિ. ધ્વનીએ માસક્ષમણની આરાધના
તિર્થંકર પરમાત્મા શ્રી મુનિસુવ્રત સ્વામીના આશિર્વાદ સાથે પ.પૂ. ગચ્છાધિપતિ
આ.ભ. શ્રી. વિજય ફુલચંદ્ર સુરીશ્વરજી (કે.સી.) મ.સા. ની તથા
ગોરેગામ સિદ્ધાર્થ નગર આધ્યત્મ યોગી પ.પૂ. કલાપૂર્ણ સુરીશ્વરજી મહારાજ સાહેબ
સમુદાયના સા. જિનદર્શનાશ્રીજી મ.સા. અને સા. જિનચંદ્રાશ્રીજી મ.સા. ની નિશ્રામાં
ચિ. ધ્વનીના માસક્ષમણ ની આરાધના સુખરૂપ પૂર્ણ કરેલ છે.

### :: આશિર્વાદ ::

શ્રી. ગીરીશભાઈ બાબુલાલ ગાંધી અને સોનલબેન ગીરીશભાઈ ગાંધી
ચિ. ગૌરવ ગીરીશભાઈ ગાંધી અને શ્રીમતી આયુષી ગૌરવ ગાંધી
સુરેખાબેન શશીકાન્તભાઈ ગાંધી - પિંકી, પાર્શ્વ અને મિલન
વિમુબેન જયંતીલાલ શાહ પરિવાર
મીનાબેન (બકાબેન) દિનેશ કુમાર શાહ પરિવાર
અને દેવેન્દ્રાબેન કીરીટકુમાર શાહ પરિવાર
જીગીશાબેન રીતેષકુમાર શાહ પરિવાર
શ્રી જયંતીલાલ ઉત્તમલાલ શાહ અને રીટાબેન જયંતીલાલ શાહ પરિવાર
પિનલ-આશીષકમાર, પ્રિયાંષ, ધ્રુમીલ

**તપસ્વી અમર રહો**
**તપસ્વીનો જય જયકાર**

### પરિવાર પત્રિકા અંગે

આપણા મંડળ દ્વારા પ્રકાશિત થતા "પરિવાર પત્રિકા" માસિકથી વંચિત રહેતા ભારતભરમાં વસતા જ્ઞાતિજનોને અંક મોકલવાની યોજના અમલમાં છે જેનો નકરો રૂા. ૨૧૦૦૦/- રાખેલ છે. ગત વર્ષે આ યોજનાનો લાભ સ્વ. આ લાભ સ્વર્ગવાસ શશીકાંત પોપટલાલ ગાંધી અને કાંતાબેન શશીકાંતભાઈ ગાંધીની સ્મૃતીમાં અલકાબેન હિતેશભાઈ ગાંધી (સમોડા) પરિવારે લીધેલ હતો જેની મુદ્દત ડિસેમ્બર-૨૦૨૫ સુધીની છે. આ લાભ લેવા બદલ જ્ઞાતિ મંડળ આ પરિવારનો અંત:કરણ પૂર્વક આભાર માને છે. હવે જાન્યુઆરી-૨૦૨૬ થી ડિસેમ્બર-૨૦૨૬ માટે સૌજન્યદાતા આવકાર્ય છે. તો જ્ઞાતિના જે સભ્યશ્રી આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે તેમનું લેખિત સંમતિપત્ર સીલબંધ કવરમાં તા. ૧૫-૧૧-૨૦૨૫ સુધીમાં મંડળના કાર્યાલયે મોકલી આપવા વિનંતી. એકથી વધુ સીલબંધ કવર રજૂ થશે તો, ડ્રો પધ્ધતિથી ભાગ્યશાળી દાતાને આ યોજનાનો લાભ આપવામાં આવશે અને તેમણે દિન-૭ માં રૂા.૨૧૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર) મંડળની ઓફિસે જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે.

સંપાદક બકુભાઈ સી. ગાંધી • સહ સંપાદક રમેશભાઈ સી.શાહ

દરેક દિવસે જીત તો નથી થતી,
પણ દરેક દિવસે કરેલી મહેનત
જીત તરફ જરૂર લઇ જાય છે.

સફળતાના માર્ગમાં અવરોધો આવે છે
આ કોણ નથી જાણતું, છતાં તે
ગંતવ્ય સુધી પહોંચે છે જે હાર નથી માનતું.

"દુ:ખ અને મહેનત"
મનુષ્યના જીવન માટે બહુજ જરૂરી છે કેમકે
"દુ:ખ વગર હૃદય સાફ નથી થતુ" અને
"મહેનત વગર મનુષ્યનો વિકાસ નથી થતો."

## ભાવાંજલિ



સંબંધોની જાળવણી,
કૌટુંબીક ફરજોની ફાળવણી,
કર્તવ્યોની માવજતમાં
આગળ રહી.....તું,
આદત પ્રમાણે અમો સૌને
છેતરીને મૃત્યુમાં પણ,
આગળ રહી.....તું.
ઈશ્વર તારા આત્માને પરમ શાંતી અર્પે

**સ્વ. હિનાબેન પંકજકુમાર શાહ**
ઉનાવા-આંબેગામ, હાલઃ ભાયંદર-મુંબઈ)
જન્મ તા.૨૧-૦૯-૧૯૬૬ • સ્વ.તા.૦૯-૦૯-૨૦૨૫

શોકાતુર બહેનો

**સ્વ. રતીલાલ વિઠ્ઠલદાસ શાહ (ભાલક)**

## શ્રધ્ધાંજલિ



અંજલી આપતા હૈયુ તૂટે છે,
શ્રધ્ધાંજલિ આપતા શબ્દ ખૂટે છે,
પલભરમાં છેતરી ગયા,
પાપણનાં પલકારે મોક્ષ પામી ગયા

**સ્વ. અ.સૌ. હિનાબેન પંકજકુમાર શાહ**
ઉનાવા-આંબેગામ, હાલઃ ભાયંદર-મુંબઈ)
જન્મ તા.૨૧-૦૯-૧૯૬૬ • સ્વ.તા.૦૯-૦૯-૨૦૨૫

**સ્વ. વિમળાબેન સુમતીલાલ શાહ પરિવાર**
પંકજ સુમતીલાલ શાહ
જીનાલી પંકજ શાહ
મિનાલી નિમેષકુમાર દવે
કુ.માહિરા નિમેષકુમાર દવે
કુ.ધિયા સંકેત શાહ

તેજપાલ સુમતીલાલ શાહ
દિપક સુમતીલાલ શાહ
અ.સૌ. વર્ષાબેન દિપક શાહ
સંકેત દિપક શાહ
અ.સૌ. પ્રજ્ઞાબેન સંકેત શાહ
રિધ્ધિ શૈલીનકુમાર શાહ

એડ્રેસઃ ૩૧૦,કૃષ્ણકુંજ ફ્લેટ, બી.પી.રોડ,ભાયંદર (ઈસ્ટ)મુંબઈ.
ફોન. +૯૧ ૮૯૭૬૭ ૫૯૨૩૬

ભાવભરી સ્મૃતિ વંદના



# સ્વ. હિનાબેન પંકજકુમાર શાહ

ઉનાવા-આંબેગામ, હાલઃ ભાયંદર-મુંબઈ)

જન્મ તા. ૨૧-૦૯-૧૯૬૬ • સ્વ.તા. ૦૮-૦૯-૨૦૨૫

## ફુલ ગયુ ને ફોરમ રહી ગઈ.....!

એક સ્ત્રી તરીકે.....
તમો આદર્શ પત્ની, માતા, ભાભી, મામી તરીકેનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડીને ગયાં.....!
એક આદર્શ ગૃહિણી તરીકે પરિવારના સભ્યોના એક એક પુષ્પને
પરોવીને પરિવારની એક અતુટ માળા બનાવીને ગયાં.....
આપના મોટાભાઈ સમાન જેઠ અને અમારા ભાઈ શ્રી તેજપાલભાઈની જીવનભર
અનુપમ સેવા કરી અને છેવટે નોંધારો મુકીને ચાલ્યાં ગયાં.....
દેરાસર, આયંબિલ શાળા, પાઠશાળામાં આપની
સેવાની ખોટ કોણ ભરપાઈ કરી શકશે.....?
આપ અમ પરિવારને નોંધારાં મુકીને અમારાથી એટલે
દુર ચાલ્યાં ગયાં છો કે જ્યાંથી કોઈ પાછું આવી શકતું નથી.....!
આ આઘાત સહન કરવો અમ તમામ બહેનો અને પરિવાર માટે ખુબ જ અઘરો છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે તેવી અશ્રુ ભીની આંખે પ્રભુ પ્રાર્થના.

લી.

હસુમતીબેન રોહિતકુમાર કેશવલાલ શાહ
અલ્પેશકુમાર રોહિતકુમાર શાહ
રોશની અલ્પેશકુમાર શાહ
(મણુંદ- બોરીવલી)

કોકીલાબેન સુર્યકાંતભાઈ શાહ
ડિમ્પલ જયેશકુમાર શાહ
સિમ્પલ જીતેન્દ્રકુમાર શાહ
(પુના)

પ્રવિણાબેન નવિનચંદ્ર છોટાલાલ શાહ
તુષાર નવિનચંદ્ર શાહ
હેતલ ધર્મેન્દ્રકુમાર શાહ
હિના પ્રશાંતકુમાર શાહ
જુલી ઉમંગકુમાર શાહ
(ઉનાવા- અમદાવાદ)

સુરેખાબેન મુકેશકુમાર સેવંતીલાલ શાહ
મિતુલકુમાર મુકેશકુમાર શાહ
મીનળ મિતુલકુમાર શાહ
(મણુંદ- બોરીવલી)

ધનાબેન રાકેશકુમાર જયંતીલાલ શાહ
અમિતકુમાર રાકેશકુમાર શાહ
જીનલ અમિતકુમાર શાહ
તન્વી જયકુમાર શાહ
(મણુંદ- બોરીવલી)

# સાધાર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૧૫૦૦૦/-**



સ્વ.શ્રી શાન્તિલાલ કાળીદાસ શાહ
(લણવા-અમદાવાદ)

સ્વ.શ્રી શાન્તિલાલ કાળીદાસ શાહ (લણવા-અમદાવાદ)ની પુણ્યસ્મૃતિમાં તથા તેમના આત્મશ્રેયાર્થે તેમના પરિવારે, અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક સહાય ક્ષેત્રમાં સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૧૫૦૦૦/-નું દાન કરેલ છે. આ પરિવારે જ્ઞાતિના જરૂરિયાત મંદોને જીવનજરૂરી ખાદ્યસામગ્રી પેટે આ દાન આપીને સમાજ માટેની લાગણી દર્શાવી છે તેની મંડળ અનુમોદના કરે છે અને તેમનો ખૂબ આભાર માને છે.


**રૂા.૧૧૦૦૦/-**



સ્વ.ઉપેન્દ્રભાઈ રતિલાલ શાહ
(ઉનાવા-અમદાવાદ)

સ્વ.ઉપેન્દ્રભાઈ રતિલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)ની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના ધર્મપત્ની નયનાબેન તથા તેમના પરિવારે આપણી જ્ઞાતિના સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૧૧૦૦૦/-નું દાન આપી અનુમોદનીય કાર્ય કર્યું છે. સ્વ. ઉપેન્દ્રભાઈ તથા નયનાબેન બંનેને તેમના માતા-પિતા તરફથી સારા સંસ્કારો મળેલા છે. સ્વ.ઉપેન્દ્રભાઈના પિતાશ્રી રતિલાલ તથા માતુશ્રી સુશીલાબેન ધાર્મિક, સરળ, મળતાવડા અને અતિથિ સત્કારની ભાવનાવાળા હતા. જીવદયા પ્રેમી સ્વ.ઉપેન્દ્રભાઈના જ માર્ગે ચાલનારા નયનાબેન પણ જીવદાયા અને વૈયાવચ્ચ કરનારા અને ધર્માનુરાગી છે. જ્ઞાતિમંડળ આ પરિવારની જ્ઞાતિજનો પ્રત્યેની શુભ લાગણીને બિરદાવી તેમનો આભાર માને છે.

**રૂા.૫૫૫૫/-**



રિવાન આદિત્ય શાહ
(લુણવા-મંડાલી હાલ : અમદાવાદ)

રિવાનની જન્મતારીખ : ૨૧-૦૫-૨૦૧૭
રિવાનની સ્વર્ગવાસ તારીખ : ૧૩-૦૯-૨૦૨૧

શ્રી ભગીરથભાઈ શાન્તિલાલ શાહ (લુણવા-મંડાલી હાલ : અમદાવાદ)ના સ્વ.પૌત્ર અને શ્રી આદિત્ય ભગીરથભાઈ શાહના સ્વ.પુત્ર રિવાનના આત્મશ્રેયાર્થે તેમણે જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય યોજના અંતર્ગત અનુકંપાદાન ખાતે રૂા.૫૫૫૫/- નું દાન આપેલ છે. જ્ઞાતિના સાધર્મિક સહાય લેતા પરિવારોને આ રોકડ રકમ આપવામાં આવશે. શ્રી ભગીરથભાઈ જ્ઞાતિમંડળની કારોબારીમાં ઘણા સમયથી સક્રિય છે. જ્ઞાતિમંડળ આ પરિવારની જ્ઞાતિજનો માટેની ભાવના માટે ધન્યવાદ પાઠવે છે. રિવાન તેમના ત્યાં અલ્પ આયુષ્ય લઈને આવેલ પરંતુ તેની સ્મૃતિ ચિરંજીવ છે.

**રૂા.૫૦૦૦/-**



સ્વ.દિલીપકુમાર મણીલાલ શાહ
ગામ : મોઢેરા, હાલ: અમદાવાદ

સત્કર્મો થી શોભાવનાર ત્યાગ અને સમર્પણના મૂર્તિમાન સ્વરૂપ, દરેક પડકારમાં ઢાલ બનીને ઉભા રહેલા, સરળતા અને શાંતીના સાગર એવા ધર્માનુરાગી દિલીપકુમાર મણીલાલ શાહના અત્મશ્રેયાર્થે પરિવાર તરફથી આ સાધર્મિક સાહય અર્પિત કરવામાં આવે છે. તેમનું જીવન અમારું માર્ગદર્શન રહ્યું છે અને તેમનો ધર્મમય વારસો અમારુ ગૌરવ છે.

# અવસાન-શ્રધ્ધાંજલિ



**સરોજબેન શશીકાંતભાઈ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૧-૦૮-૨૦૨૫, રવિવાર



**ભાનુબેન સુબોધભાઈ શાહ**
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૭-૦૯-૨૦૨૫, રવિવાર



**દિલીપકુમાર મણીલાલ શાહ**
ગામ : મોઢેરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૧-૦૯-૨૦૨૫, ગુરુવાર




**નવિનચંદ્ર રતિલાલ શાહ**
ગામ : ખરોડ
હાલ : બોરીવલી-મુંબઈ
સ્વ. તા.૧૮-૦૯-૨૦૨૫, ગુરુવાર



**શશીકાંત સ્વરૂપચંદ તિજોરીવાળા**
ગામ : લુણવા મંડાલી
હાલ : વાલકેશ્વર-મુંબઈ
સ્વ. તા.૨૦-૦૯-૨૦૨૫, શનિવાર



**રાજેન્દ્રકુમાર પ્રવીણચંદ્ર શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૧-૦૯-૨૦૨૫, રવિવાર



**નરેન્દ્રભાઈ ભોગીલાલ શાહ**
ગામ : ઊંઢાઈ
હાલ : બોલીવલી પૂર્વ, મુંબઈ
સ્વ. તા.૨૨-૦૯-૨૦૨૫, સોમવાર



**વિમળાબેન જયંતિલાલ શાહ**
ગામ : મગુના
હાલ : કાંદિવલી, મુંબઈ
સ્વ. તા.૨૪-૦૯-૨૦૨૫, બુધવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## ભાવભીની શ્રધ્ધાંજલી



# સ્વ. દિલીપકુમાર મણીલાલ શાહ

ગામ : મોઢેરા, હાલ : વાસણા, અમદાવાદ

જન્મ તા.૦૩-૦૫-૧૯૪૯ ● સ્વ.તા.૧૧-૦૯-૨૦૨૫

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી.
અકાળે અવસાન પામનાર, શોકમાં મૂકી જનાર, કસમયે નિરાધાર કરી કુટુંબ માટે ફુલો પાથરી ગયા,
સૌના પથદર્શક બની ગયા. દુ:ખને દેખાડયું નહી, સુખને છલકાવ્યું નહી,
જીવનભર મહેનત કરી સમગ્ર પરિવારનું હંમેશા ભલું કરી ગયા, સમાજમાં સુવાસ ફેલાવી,
સેવા, સમર્પણ અને સંસ્કારની જ્યોતિ જલાવી ગયા, તમારી ખોટ કદી વિસરશે નહિ,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.

સ્વ. હસુમતીબેન દિલીપકુમાર શાહ

જૈમિન દિલીપકુમાર શાહ - પુત્ર
ફાલ્ગુની જૈમિન શાહ - પુત્રવધુ
વિહાન જૈમિન શાહ - પૌત્ર
હિયાંશ જૈમિન શાહ - પૌત્ર

સ્વ.પ્રવિણચંદ્ર મણીલાલ શાહ - ભાઈ
નીતાબેન પ્રવિણચંદ્ર શાહ
રીન્કુ - હિનુ

રીપલ કેતુલકુમાર શાહ - દિકરી
કેતુલ પંકજકુમાર શાહ - જમાઈ
કશ્વી - વંશ

દેવલ સપનકુમાર શાહ - દિકરી
સપનકુમાર નીરંજનભાઈ શાહ - જમાઈ
દ્વીન્શી - આંશી

સ્વ.ભરતભાઈ લહેરચંદ શાહ પરિવાર
જીતેશભાઈ લહેરચંદ શાહ પરિવાર
શાહ જૈમિન દિલીપકુમાર

ફર્મ : VH CREATIONS
ખોડિયારમાતા ચોક, પાલડી ગામ, અમદાવાદ-૭.

# અઢારમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. મહેન્દ્રભાઈ તલકચંદ શાહ (દેલોલી)**

**સ્વ. તા. ૨૨-૧૦-૨૦૦૭ (રાજકોટ)**

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.
હર પળ હાજરીનો આભાસ થયા કરે છે,
ક્યારેક કેહવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે,
તમારું હસતું મુખ, મીઠો સ્વભાવ અને અનંત
પ્રેમ હમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.
તમારી દરેક પળ અમૂલ્ય હતી અને રહેશે.
આ જીવનમાં તમે જે પ્રેમ અને સંસ્કાર આપ્યા તે અમારું માર્ગદર્શન બનશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી
સંદિપ ભાઈલાલભાઈ ગાંધી
નિમા સંદિપ ગાંધી
મૈત્રી સંદિપ ગાંધી
દિયા સંદિપ ગાંધી
(સમોડા)

અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી
ફાલ્ગુની અલ્પેશ ગાંધી
કુશ અલ્પેશ ગાંધી
કાવ્ય અલ્પેશ ગાંધી
(સમોડા)

સ્વ. રંજનબેન મહેન્દ્રભાઈ શાહ
જયદીપ મહેન્દ્રભાઈ શાહ
જીગલ જયદીપ શાહ
વૈભવ જયદીપ શાહ
દિવ્ય જયદીપ શાહ
(દેલોલી)

A-5, વ્રજ એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ - 6.
(M: 93777 02010)

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## શ્રીમતી પ્રભાવતીબેન રીખવચંદ શાહ (રણુંજ) સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ આયોજીત
## નૃત્ય ભક્તિ સાથે પ્રભુ ભક્તિ

**તા. ૧૧-૧૦-૨૦૨૫ શનિવાર રાત્રે ૮ થી ૧૦ રાખવામાં આવેલ છે.**



તમામ જ્ઞાતીબંધુઓ ભાગ લઈ શકશે.

મનપસંદ સ્તવન ગાઈ શકશે તથા નૃત્ય કરી શકશે.

પ્રભાવના રૂ.૧૦૦/- રાખવામાં આવેલ છે.

ભાગ લેવા નામ નોંધાવવા માટે સંપર્ક કરો

અંજનાબેન ગાંધી : ૯૩૨૭૭૪૪૪૦૫ • પ્રિતિબેન શાહ : ૯૪૨૯૦૨૪૩૪૮

સ્થળ: મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ હોલ, વાસણા, અમદાવાદ.

## સમાજ જાગૃતિ અને કલ્યાણ યોજના સમિતિ આયોજીત
## સ્ત્રીઓમાં સ્તન કેન્સર



સ્તન કેન્સરની અગોતરીની જાણકારી માટે :

(૧) આઈ બ્રેસ્ટ ટેસ્ટ (૨) પેપ ટેસ્ટ

ફક્ત મહીલાઓ માટે પ્રાથમીક તબક્કે,
શંકાસ્પદ કીસ્સામાં મેમોગ્રાફી કરવામાં આવશે.
(વિના મુલ્યે)

**તા.૧૧.૧૦.૨૦૨૫ શનિવાર, બપોરના ૨ થી ૫ કલાક**

સ્થળ: મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ હોલ, વાસણા, અમદાવાદ.

(અલ્પાહાર રાખેલ છે.)

રજીસ્ટ્રેશન માટે ગુગલ ફોર્મ મેસેજથી મોકવામાં આવશે.

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : info@47dashashrimali.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI